# મેટ્રોની મોંકાણ: ધીમી કામગીરીથી રાજમાર્ગના વેપારીઓમાં રોષ

**યોગ્ય** ઉકેલ લાવવા માટે ઝડપથી પગલાં ભરવા જીએમઆરસીને રજૂઆત



સુરતઃ મેટ્રો સ્ટેશન સુરતમાં GMRC (ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન)ના મેટ્રો પ્રોજેક્ટના કામમાં વિલંબ થતાં સુરતમાં ખાસ કરીને નાના-મોટા દુકાનદારો અને વેપારીઓને ભારે નુકસાન ભોગવવું પડી રહ્યું છે. રસ્તા લાંબા સમયથી બંધ છે અને GMRC દ્વારા મળતી વળતર રકમ પણ અટકી જવાથી વેપારીઓની મુશ્કેલીઓ વધતી જ રહી છે. જેના કારણે વેપારીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. વેપારીઓએ મેટ્રોનું કામ ઝડપથી પૂર્ણ કરવા માટે જીએમઆરસીમાં વારંવાર રજૂઆતો કરી છે તેમજ તેમને જે વળતર આપવામાં આવતું હતું તે પણ ચાલુ રાખવામાં આવે તેવી માંગ કરી છે. સુરત મસ્કતિ મેટ્રો પ્રોજેક્ટ અસરગ્રસ્ત સમિતિના અગ્રણી તોસીફ મુલતાનીએ જણાવ્યું હતું કે, GMRC અને સરકારી તંત્રએ દુકાનદારો અને સ્થાનિક રહીશો માટે યોગ્ય ઉકેલ લાવવા માટે ઝડપથી પગલાં ભરવા જોઈએ. મેટ્રો પ્રોજેક્ટનો વિકાસ મહત્ત્વનો છે, પણ તેની સાથે સ્થાનિક વેપાર અને રોજગાર પર થતાં પ્રભાવનું સમાધાન પણ સમયાંતર અને એટલું જ મહત્ત્વનું છે.

## વેપારીઓને પડી રહેલી મુખ્ય સમસ્યાઓ

- મુખ્ય માર્ગ બંધ હોવાને કારણે અને ફક્ત 2 વ્હીલર ગાડી પસાર થાય એટલો 7 ફૂટનો સાંકડો રસ્તો ખોલી આપી. ગ્રાહકોની સંખ્યા ઘટી ગઈ છે. જેના કારણે દુકાનદારોના ધંધા પર સીધો પ્રભાવ પડી રહ્યો છે.
- મેટ્રો પ્રોજેક્ટનું કામ અર્ધવચ્ચે અટક્યું છે, કોન્ટ્રાક્ટર પાસે લેબરની અછત છે, વારે ઘડીએ મશીનો ખરાબ થઈ જાય છે. જેના કારણે માર્કેટ વિસ્તારમાં 26 મહિનામાં ફક્ત 20% જેટલું પણ કામ થયું નથી.
- GMRC દ્વારા આપવામાં આવતી વળતરની રકમ બંધ થઈ ગઈ છે. જેનાથી દુકાનદારોને વધુ આર્થિક નુકસાન થાય છે.
- વિકાસ કાર્યો લાંબા સમયથી અટવાતા રસ્તા ઉપર ધૂળ, અવ્યવસ્થા અને ટ્રાફિકની સમસ્યા વધી છે.
- સાંકડા રસ્તામાં ગ્રાહક આવતા નથી અને વેપાર થતો નથી. જો ગ્રાહક મુશ્કેલીથી ગાડી લઈને આવી પણ જાય તો ટ્રાફિકની સમસ્યા ઊભી થઈ જાય છે, દુકાનદારો માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી નથી. જેથી તેઓ ધંધો કરી શકે.

## દુકાનદારોની માંગણીઓ

- મેટ્રો પ્રોજેક્ટનું કામ ઝડપથી પૂર્ણ કરવામાં આવે.
- GMRC દ્વારા રોકાયેલી વળતર રકમ તરત જ ચૂકવવામાં આવે.
- રસ્તા અને અવરોધિત વિસ્તાર તુરંત ખુલ્લા મૂકવા માટે તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવે.
- ભવિષ્યમાં આવાં વિકાસ કાર્યો દરમિયાન વેપારીઓ માટે સ્થિર યોજનાઓ બનાવવામાં આવે.

## પાલનપુર ફાયર સ્ટેશન સામે મેટ્રો પ્રોજેક્ટને લઈ સિમેન્ટની ડમરીઓ ઊડતા સ્થાનિકો પરેશાન

પાલનપુર ફાયર સ્ટેશનની સામે મેટ્રોનો પ્રોજેક્ટ ચાલે છે, જેમાં સિમેન્ટની ડમરીઓ ઊડીને સામે રહેતા પાલનપુર ગામના નિવાસીઓના આરોગ્ય માટે હાનિકારક સાબિત થઈ રહી છે. સ્થાનિક રહેવાસીઓના કહેવા મુજબ એક એક ઘરમાં ખાંસીની બીમારી છે. તો શું રહેવાસીએ પોતાના ઘર છોડી દેવા પડશે? લાંબા સમયથી આ પ્રોજેક્ટની કામગીરી ચાલી રહી છે અને લોકો પણ ધીરજ રાખી બેઠા છે. પરંતુ હવે લોકોની ધીરજ ખૂટી છે અને પરેશાનીનો સામનો કરતા કરતા લોકો ત્રાસી ગયા છે.

## હોળી-ધૂળેટી પર્વએ વતન જવા બસ ડેપો પર મુસાફરોની ભીડ





સુરતને કર્મભૂમિ બનાવનાર અસંખ્ય લોકો હોળી-ધુળેટીના પર્વને લઈ મોટી સંખ્યામાં ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યમાં પોતાના વતન ઉમટી પડતાં હોય છે. ત્યારે સુરત એસટી વિભાગ દ્વારા ધ્યાને લઈ એક્સ્ટ્રા બસોની પણ વ્યવસ્થા કરી છે, તસવીરમાં વતન જવા માટે બસ ડેપો પર લોકો પડાપડી કરતાં દેખાઈ રહ્યા છે. ભારે ભીડના પગલે બસમાં જગ્યા મેળવવા બસની બારીએથી પણ લોકો બસમાં ઘૂસતા નજરે પડ્યા હતા. (તસવીરઃ સતીષ જાદવ)

# મોડી રાત્રે ગભેણી ગામમાં ચિંદી સહિત વેસ્ટેજમાં ભીષણ આગ ભભૂકી

**આગ** સંપૂર્ણ કાબૂમાં આવી ગયા બાદ છેક મોડી સાંજ સુધી કુલિંગની કામગીરી ચાલુ રહી

સુરત : છેલ્લા કેટલાય સમયથી શહેરમાં સતત આગ લાગવાના બનાવો બની રહ્યા છે, ત્યારે મંગળવારે મોડી રાત્રે શહેરનાં ગભેણી ગામે ચિંદી અને વેસ્ટેજમાં ભીષણ આગ લાગી હતી. જોત જોતામાં આગ વકરી ગઈ હતી તેથી ચિંદી અને વેસ્ટેજનો મોટા ભાગનો જથ્થો આગની લપેટમાં આવી ગયો હતો. આગે ભીષણ સ્વરૂપ ધારણ કરી લેતા ઘટનાં સ્થળ ઉપર ભારે નાસભાગ અને અફરાતફરી મચી ગઈ હતી.

ઘટના અંગે જાણ ફાયર કંટ્રોલને જાણ કરવામાં આવતા અલગ અલગ પાંચ ફાયર સ્ટેશનોમાંથી 7 ફાયર ફાઈટરો અને વોટર બાઉઝરો અને ફાયર જવાનોનો એક મોટો કાફલો ઘટના સ્થળે પહોંચી આગ ઓલવવાની કવાયતમાં લાગી ગયો હતો. એટલું જ નહીં આગ છેક બીજા દિવસે એટલે કે બુધવારે સાંજે કાબુમાં આવી ગયા બાદ કુલિંગની કામગીરી ચાલી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, ગભેણી ગામ લલિતા ચોકડી વિસ્તારમાં ચિંદી તેમજ વેસ્ટેજ ભંગાર સહિતના ગોડાઉનો આવેલા છે. દરમિયાન મોડી રાત્રે અહીં ચિંદી વેસ્ટેજના ખુલ્લા મેદાનમાં આગ ફાટી નીકળી હતી. જોત જોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. એટલું નહીં દૂર દૂર સુધી આગની જ્વાળાઓ દેખાવા લાગી હતી તેમજ આગની જ્વાળાઓ પણ ઊંચે સુધી ઉઠવા લાગી હતી. ચિંદી અને વેસ્ટેજને કારણે આગ ઝડપથી પ્રસરવા લાગી હતી.

ઘટનાને પગલે સ્થળ પર અફરાતફરી અને ભાગદોડ મચી જવા પામી હતી. આ ઘટના અંગે જાણ કરવામાં આવતા વેસુ, મજુરા, ભીમરાડ, ડિંડોલી, માનદરવાજા અને ભેસ્તાન ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડના જવાનોનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો, અને ભીષણ આગ ઉપર કાબુ મેળવવા કવાયતમાં લાગી ગયા હતાં.

# સ્માર્ટ સિટીમાં પીવાના પાણી માટે લોકોના વલખા: નલ સે જલ તો હવામાં

NATA
INTERIOR DESIGN ■ NID
ENTRANCE Exam
PREPARATION
GAJENDRA MAJITHIA
91- 98251 47447

**ઉના** પાણી રોડ પર સ્ટેન્ડ પોસ્ટ પણ શોભાના ગાંઠિયા

સુરતઃ શહેરના ઉનાપાણી રોડ સ્ટેશન વિસ્તારમાં આવેલા ગુલામ બાબામિલ કમ્પાઉન્ડમાં ઝૂંપડાવાસીઓ માટે ફાળવેલા પીવાના પાણીના જાહેર સ્ટેન્ડ પોસ્ટમાં છેલ્લા ઘણા સમયથી પાણી આવતું નથી. સ્માર્ટ સિટી સુરત શહેરમાં હજી પણ લોકો સ્ટેન્ડ પોસ્ટમાંથી પાણી લેવા માટે મજબૂર છે અને સ્ટેન્ડ પોસ્ટ છે તો તેમાં પણ પાણી આવતું નથી. જેના કારણે અહીંના લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પાણીનો સપ્લાય સાંજે 7 વાગ્યે શરૂ કરવા સ્થાનિકો માંગ કરી રહ્યા છે. સ્ટેન્ડ પોસ્ટમાં રાત્રે 10 વાગ્યે ટીપું ટીપું જ પાણી આવે છે.

સ્થાનિકો દ્વારા આ અંગે વારંવાર રજૂઆતો કરાઈ હોવા છતાં સમસ્યાનું નિરાકરણ આવી રહ્યું નથી, સ્થાનિકોની માંગ છે કે, સ્ટેશન વિસ્તારમાં જ્યાં યાદગાર હોટલ પાસે નવી પાણીની લાઈન નાંખવામાં આવી છે ત્યાં સ્ટેન્ડ પોસ્ટનું કનેક્શન આપવામાં આવે. જેથી આ સ્ટેન્ડ પોસ્ટમાં પાણી આવે.

# શિવશક્તિ માર્કેટમાં પાંચ લાખનો ફાયર ચાર્જ શાસકો દ્વારા સુઓમોટો ઠરાવ કરી માફ કરાયો

**ત્રણ** દિવસ ચાલેલી વિનાશક આગમાં સુરત મનપાએ 80 લાખ લીટર પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી

સુરતઃ રિંગ રોડ પર ભારે ગીચતા ધરાવતી જગ્યા પર આવેલી શિવશકિત માર્કેટમાં લાગેલી આગથી ભારે નુકસાન થયું છે. આશરે 500થી વધુ દુકાનો બળીને ખાખ થઈ અને અનેક વેપારીઓ રસ્તા પર આવી જાય તેવું મોટું આર્થિક નુકસાન થયું છે. આજે મળેલી સ્થાયી સમિતિની મીટીંગમાં શિવશકિત માર્કેટમાં ત્રણ દિવસ સુધી ચાલેલી વિનાશક આગને કાબૂમાં લેવા માટે થયેલી ફાયર કાર્યવાહીનો ચાર્જ માફ કરતો ઠરાવ શાસકોએ સુઓમોટો દરખાસ્ત લાવી કર્યો હતો.

આગની ઘટના દરમિયાન ફાયર વિભાગ દ્વારા પાણી અને વાહનો પાછળ ખર્ચાતા ડિઝલ વગેરેનો હિસાબ કરી જે તે સંસ્થા પાસેથી ફાયર ફાયટીંગનો ચાર્જ વસૂલ કરવામાં આવે છે. શિવશક્તિ માર્કેટમાં લાગેલી આગને કાબૂમાં લેવા માટે અંદાજે 80 લાખ લીટર પાણી તેમજ કુલિંગની કામગીરી માટે કેમિકલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેની પાછળ અંદાજે પાંચ લાખથી વધુ ખર્ચ થયો હતો જો કે, દુકાનદારોને ભારે નુકશાન થતા સુરત મનપા દ્વારા ફાયર ચાર્જમાંથી માર્કેટને મુક્તિ આપવા માટે સ્થાયી સમિતિ ચેરમેન રાજન પટેલે દરખાસ્ત મૂકી હતી. જેને સર્વાનુંમતે મંજુર કરી ફાયર ચાર્જમાંથી મુક્તિ આપવા ઠરાવ કરાયો હતો.

# મનપાના મહેકમ વિભાગના પર્સોનલ ઓફિસરે રાજીનામું મૂકી દેતાં તર્ક-વિતર્ક

સુરતઃ છેલ્લા થોડા સમયથી મનપાના વિવિધ વિભાગોમાં કામગીરીનું ભારણ પણ વધી રહ્યું હોવાથી રાજીનામું આપવા માટે અધિકારી- કર્મચારીઓની લાઈન લાગી રહી છે. મહેકમ વિભાગમાં થોડા દિવસો પહેલાં જ મુકાયેલા પર્સનલ ઓફિસર ભરત સાવલીયાએ રાજીનામું ધરી દેતાં ચર્ચાનો માહોલ જોવા મળ્યો હતો. હિમાંશુ ચૌધરીની બદલી કરી તેમની જગ્યાએ વરાછા ઝોનમાં ફરજ બજાવતા ભરત સાવલિયાની પર્સનલ ઓફિસર તરીકે નિયુક્તિ થઈ હતી. જો કે ભરત સાવલીયા પણ આ જગ્યા પર સેટ થઈ શક્યા નથી અને હવે સ્વૈચ્છિક રાજીનામું આપી દેતાં ફરીવાર તર્કવિતર્ક વહેતા થયા છે. પર્સનલ ઓફિસરે અંગત કારણોસર રાજીનામું રજૂ કરી નોકરીમાંથી છૂટા કરવા માંગ કરી છે.

# અમરોલીમાં બાંધકામ તોડાવી નાંખવાની ધમકી આપી તોડ કરનાર બે સામે ગુના નોંધાયા

**કિશોર** હિમત ઈસામલીયા અને અનિલ વસોયાનો ભોગ બનેલા બે વેપારીઓએ ફરિયાદ નોંધાવી

સુરતઃ કતારગામ આંબાતલાવડી ગજાનંદ પાર્ક સોસાયટીમાં રહેતા અને ઈલેક્ટ્રિક મશીનરીના વ્યવસાય સાથે સંકળાયેલા ખીમજીભાઈ રાજેશકુમાર મોણપરાએ કિશોર હિંમત ઈસામલીયા અને અનીલ વસોયા (બંને રહે., ગૃહમ એમ્પાયર, સાયણ રોડ, અમરોલી) સામે ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેઓએ જણાવ્યું હતું તેમનું અમરોલી કોસાડ રિંગ રોડની પાછળ પ્રમુખ એ.બી.સી વિભાગ-૫માં બાંધકામ ચાલતું હતું. ત્યાં આ બંને આરોપીઓ આવી તેમના બાંધકામના ફોટા પાડી સોશિયલ મીડિયામાં વાઈરલ કર્યા હતા. તેમજ મનપામાં અરજી કરી બાંધકામ તોડાવી નાંખવાની ધમકી આપી બળજબરીપૂર્વક પૈસા પડાવ્યા હતા.

જ્યારે બીજા બનાવમાં કતારગામ આંબાતલાવડી રાજહંસ પાર્ક સોસાયટીમાં રહેતા અને એમ્બ્રોડરી કારખાના ધરાવતા રાજેશ કરશનભાઈ શીંગાળાનું કોસાડ આવાસની સામે ક્રિષ્ના સોસાયટીમાં બાંધકામ ચાલી રહ્યું છે. આ બાંધકામના કિશોર હિંમત ઈસામલીયાએ ફોટા પાડી સોશિયલ મીડિયામાં વાઈરલ કરવાની સાથે મનપામાં અરજી કરી તોડાવી નાંખવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે અમરોલી પોલીસે વેપારીઓની ફરિયાદના આધારે બન્ને ખાંડણીખોરો સામે અલગ અલગ બે ગુનાઓ દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# રતાંધળાપણાને કારણે અનફિટ જાહેર થતાં છૂટા કરાયેલા માર્શલોને મનપા ફરીથી નોકરી પર લેશે

સુરતઃ સુરત મનપાના ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગમાં હંગામી ધોરણે માર્શલ તરીકે ફરજ બજાવતા કરમણ ટમાલિયા, પ્રવીણ કલોત્રા અને દશરથ સોલંકીના મેડિકલ ટેસ્ટ કરાવતા રતાંધળાપણાની ખામી હોવાનો રિપોર્ટ આવ્યો હતો. જેના આધારે તેઓને નોકરીમાંથી છૂટા કરવામાં આવ્યા હતા. જેને લઈ તેઓએ હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી હતી અને હાઈકોર્ટની ઓરલ ઓર્ડર તથા માર્સલોની અપીલને ધ્યાને રાખી સ્થાયી સમિતિની મિટિંગમાં ત્રણેય માર્શલને પુનઃ નોકરી પર લેવાનો નિર્ણય લેવાયો છે. તેઓએ હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી હતી અને અપીલ કરવામાં આવી હતી. હવે તેમને ફાયર વિભાગની જગ્યાએ વોચ એન્ડ વોર્ડમાં ફરજ આપવામાં આવશે.

# પર્યટન સ્થળ દમણમાં સ્પાની આડમાં ચાલતુ કૂટણખાનું ઝડપાયું

**નાની** દમણના ખુશી નામના સ્પા સેન્ટર પર પોલીસે દરોડો પાડી અનૈતિક કાર્ય કરાવતી સ્પા સંચાલકની ધરપકડ કરી, 5 મહિલાને છોડાવી



દમણ : સંઘપ્રદેશ દમણમાં સ્પાની આડમાં ચાલતા કૂટણખાના પર પોલીસે દરોડો પાડી સ્પા સંચાલક એક મહિલાની ધરપકડ કરી છે. જ્યારે સ્પા સેન્ટરમાંથી 5 મહિલાને પોલીસે ઉગારી લીધી હતી.

મંગળવારે પોલીસને ગુપ્ત રાહે એક બાતમી મળી હતી કે, નાની દમણ તીનબત્તી વિસ્તારમાં આવેલી સલમાન હોટલના પહેલા માળે ખુશી નામનું એક સ્પા આવેલું છે. જેમાં સ્પાની આડમાં મહિલાઓ પાસે અનૈતિક ધંધો કરાવવામાં આવી રહ્યો છે.

આ બાતમી મળતા દમણ પોલીસે ટીમ બનાવી સ્પામાં ડમી ગ્રાહક મોકલાવ્યો હતો. જે બાદ સ્પામાં અનૈતિક કાર્ય ચાલતું હોવાનું સાચું સાબિત થતાં પોલીસની ટીમે સ્પા સેન્ટર પર છાપો માર્યો હતો. જ્યાં સ્પા સેન્ટરની અંદરથી 5 જેટલી મહિલા મળી આવી હતી. જ્યારે કાઉન્ટર પર બેઠેલી મહિલા પાસેથી પોલીસે જે ડમી ગ્રાહક મોકલ્યો હતો, તેણે જે રૂપિયા આપ્યા હતા, તે રૂપિયા મહિલા પાસેથી મળી આવતા પોલીસે આ મામલે ગુનો દાખલ કરી ખુશી સ્પા સેન્ટરનું સંચાલન કરનારી વાપીમાં રહેતી મહિલા ઉષાસિંહની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધી હતી.

# લસકાણામાં ડિજિટલ લૂંટ, નિવૃત્ત રત્નકલાકારનું અપહરણ કરી મારા મારી લૂંટી લેવાયો

**મળવા** આવેલા મિત્રએ અન્યો ત્રણ સાથે મળી મોબાઈલમાંથી રૂ.18 હજાર ટ્રાન્સફર કરી લીધા

સુરતઃ સુરતના પાસોદરા ગામે રહેતા નિવૃત રત્નકલાકારને મળવા આવેલા મિત્રએ અન્ય ત્રણ વ્યક્તિ સાથે મળી તેને મારમારી મોબાઈલ ફોનમાંથી રૂ.18 હજાર ટ્રાન્સફર કરી લઇ નાસી છૂટ્યા હતા.

પાસોદરા ગામે આવેલી ચિત્રકુટ રેસિડેન્સીમાં જયેશભાઈ છગનભાઈ લુખી નિવૃત જીવન જીવી રહ્યા છે. જયેશભાઈ થોડા સમય પહેલાં ગીતાંજલી ખાતે આવેલા સવાણીમાં હીરા ઘસવાનું કામ કરતા હતા. તે સમયે અન્ય કોઈ હીરાના કારખાનામાં કામ કરતા રાહુલ બારૈયા નામના વ્યક્તિ સાથે મુલાકત થઇ હતી. ગત તા.૧૦મી માર્ચ, ૨૦૨૫ ના રોજ રાત્રિના અરસામાં રાહુલ બારૈયા નામના મિત્રએ પૂર્વ કાવતરું રચી જયેશભાઈને ફોન કરીને મળવા માટે બોલાવ્યો હતો. જેથી જયેશભાઈ મળવા જતાં રાહુલ બારૈયા પાસે ગયા હતા. દરમિયાન તેની સાથે આવેલા ત્રણ અજાણ્યા ઈસમોએ વોશરૂમ જવાના બહાને જયેશભાઈને બાઈક પર બેસાડી દીધા હતા. ત્યારબાદ જયેશભાઈને માર મારી તેમનો મોબાઈલમાંથી ગુગલ પે થકી રૂપિયા ૧૮,૭૫૨ રાહુલના ખાતામાં ટ્રાન્સફર કરી લૂંટ ચલાવી મૂકી ચારેય ઈસમો ફરાર થઈ ગયા હતા. બનાવને પગલે જયેશભાઈએ લસકાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા રાહુલ બારૈયા સહિત ચારેય ઈસમો સામે લૂંટનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# કમિશનરે રજૂ કરેલા બજેટમાં સુધારા-વધારનાં સૂચનો માટે 15મી તારીખે ભાજપની સંકલન મીટિંગ

**હાલમાં** વિવિધ વોર્ડમાં તે અંગે સંકલન બેઠકો પણ ચાલી રહી છે

સુરત : મહાનગરપાલિકા કમિશનરે રજુ કરેલા બજેટ ડ્રાફ્ટને મંજુરી માટે પેટા ચૂંટણીની આચાર સંહિતના કારણે વિલંબ થયો છે. ત્યારે હવે આ બજેટ મુસદ્દો સ્થાયી સમિતિ સમક્ષ મંજૂરી માટે મુકી દેવાયો હોય આગામી ૧૯ અને ૨૦ માર્ચના રોજ બજેટ માટે સ્થાયી સમિતિની વિશેષ બેઠકમાં ચર્ચા બાદ મંજુરી અપાશે ત્યારબાદ માર્ચ મહિનાના અંત ભાગમાં બજેટની સામાન્ય સભા બોલાવાશે અને તેમાં ૨૦૨૪-૨૫ના વર્ષના સુધારેલા અંદાજપત્ર અને ૨૦૨૫-૨૬ના નવા બજેટને મંજુરી અપાશે. તાજતેરમાં નવા શહેર ભાજપ પ્રમુખપદે પરેશ પટેલ આવ્યા તેમના સ્થાયી સમિતિના કાર્યકાળનો અનુભવ જોતા બજેટમાં ઘણા ફેરફારો આવે તેમજ મનપાને આવકના નવા સ્ત્રોત પર ભાર મુકાય તેવી શક્યતા જોવાઈ રહી છે. શનિવારે ૧૫મીના રોજ સત્તા પક્ષના કોર્પોરેટરો, વોર્ડના હોદ્દેદારો, મહામંત્રી, કારોબારી સભ્યો સહિતનાઓ પાસેથી સૂચનો મંગાવવામાં આવશે. હાલમાં વિવિધ વોર્ડમાં તે અંગે સંકલન બેઠકો પણ ચાલી રહી છે. આગામી વર્ષે વોર્ડ દીઠ લોકોની જરૂરિયાત અને પ્રશ્નોને આવરી લઈને શનિવારે મળનારી સંકલન બેઠકમાં સૂચનો રજૂ કરાશે. વોર્ડ તરફથી આવતા સૂચનો પર મંથન કરી શાસકો બજેટમાં સુધારા-વધારા અંગે નિર્ણય લેશે.

# કતારગામમાં 2.3 કિલો ચરસ સાથે ઝડપાયેલા આરોપીને 10 વર્ષની સજા

સુરતઃ કતારગામ ધનમોરા કોમ્પ્લેક્સમાં આરોપી જીગર મનસુખભાઈ ધોળકિયાને કતારગામ પારસ સોસાયટી જૈન દેરાસરની બાજુમાં વિમલનાથ આર્કેડના ત્રીજા માળે આવેલી દુકાનમાં દરોડા પાડ્યા હતા. જ્યાં પોલીસે આરોપી જીગરને 2.379 કિલો જેની કિંમત 2.37 લાખના ચરસના માલ સાથે ઝડપી પાડ્યો હતો. રેઈડ દરમિયાન પાર્થ જયંતીભાઈ તેજાણી નામનો આરોપી ત્યાં ચરસ ખરીદવા માટે આવતા પોલીસે તેની પણ ધરપકડ કરી હતી. પોલીસે બંને આરોપી વિરુદ્ધ NDPS સહિતની કલમ નોંધી હતી. જે કેસ કોર્ટમાં ચાલી જતાં કોર્ટે આરોપી જીગર મનસુખભાઈ ધોળકિયાને તકસીરવાન ઠેરવી 10 વર્ષની સજા તેમજ 1 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. તેમજ ચરસ ખરીદવા આવેલા આરોપી પાર્થને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

# આરોપી સ્વતંત્રતાના નામે ગુના કરવા અથવા કરાવવા માંગે છેઃ કોર્ટ

**લસકાણામાં** બેફામ કાર હંકારી ભાઈ-બહેન સહિત ત્રણ લોકોના મોત નીપજાવનાર આરોપીના જામીનઅરજી રદ

સુરતઃ 23મી ફેબ્રુઆરીએ લસકાણા પોલીસ ચોકીના ચાર રસ્તા પાસે બેકાબૂ બનેલી કારના ચાલક અર્જુન વિરાણી (રહે., મમતા પાર્ક સોસા, કાપોદ્રા)એ કામરેજ નનસાડ રોડ ઓપેરા હાઉસમાં રહેતા અને બાઈક પર જઈ રહેલા 35 વર્ષીય રાજેશ મનસુખ ગજેરા અને તેમની બહેન શોભાને અડફેટે લીધી હતી. ત્યારબાદ અન્ય એક બાઈકચાલક મહેશ નાનજી લાઠીયાને પણ અડફેટમાં લીધા હતા. આ અકસ્માતમાં રાજેશભાઈ, તેમની બહેન શોભા અને મહેશ લાઠીયાનું મોત નીપજ્યું હતું. આ ઘટનામાં પોલીસે કારચાલક અર્જુનની ધરપકડ કરી હતી. અર્જુને જેલમાંથી છૂટવા માટે કોર્ટમાં જામીનઅરજી કરી હતી. સરકારી વકીલ વિશાલ ફળદુએ દલીલો કરી હતી. જ્યારે મૃતક મહેશ લાઠીયાની પત્ની રેખાબેને વકીલ ગૌતમ લાઠીયા તેમજ હરેશ નાકરાણી તરફે આરોપીના જામીન રદ કરવા સોગંદનામુ રજૂ કર્યું હતું. જેમાં જણાવ્યું હતું કે, અર્જુને ગીચ વસ્તી ધરાવતા એરિયામાં સિગ્નલ તોડી 100 કિલોમીટરની સ્પીડે કાર હંકારતા આ ઘટના બની હતી. આરોપીના જામીન નામંજૂર કરી સમાજમાં દાખલો બેસાડવાની ખાસ જરૂર છે. આરોપી જામીન મેળવી વ્યક્તિગત સ્વતંત્રતાના નામે વધુ ગુના કરવા-કરાવવાનું લાયસન્સ મેળવવા માંગે છે, જે આપી શકાય નહીં. કોર્ટે ફરિયાદી તરફેનું સોગંદનામુ ધ્યાને લઈ આરોપીના જામીન ફગાવી દીધા હતા.

# હોળી-ધૂળેટીમાં થિમ બેઇઝ ઉજવણીનું પ્રમાણ વધ્યું, પાર્ટી પ્લોટ-ડોમમાં ધૂમ જામશે

**પાર્ટી** પ્લોટોમાં મડફેસ્ટ, રેઇન હોલી, ટોમેટીનાં ફેસ્ટિવલ હોલી, ફલાવર્સ હોલીનું આયોજન

## ઈવેન્ટમાં ટિકિટ તથા ફાર્મ હાઉસનાં બુકિંગ ફૂલ થયા

સોશિયલ મીડિયા ઉપર અને વોટ્સઅપ ગૃપમાં ઈવેન્ટોનાં મેસેજો ફરતા થઈ ગયા છે, ઈવેન્ટમાં એક દિવસનાં પાસની કિમત 500થી 1000 થી 2000 જેટલા છે. જ્યારે ફાર્મ હાઉસ યોજાનારા ઈવેન્ટોનાં બુકિંગમાં પેકેજો જાહેર કરવામાં આવ્યા છે. ફાર્મ હાઉસમાં પરિવારનાં એક સભ્યના 6 હજાર અને કપલ એન્ટ્રીના 12 હજાર રૂપિયા સુધીના પેકેજો રાખવામાં આવ્યા છે. પેકેજોનું બુકિંગ મોટાભાગે પૂર્ણ થઈ ચૂક્યું છે.

સુરતઃ હોળી-ધુળેટીના તહેવારો હવે થિમ બેઝ તરફ વળી ગયો છે. છેલ્લા કેટલાય વખતથી શહેરમાં મડફેસ્ટ, રેઇન હોલી, ટોમેટીનાં ફેસ્ટિવલ હોલી, ફલાવર્સ હોલી સહિત ડીજે પાર્ટીના કોમિર્શિયલ આયોજનો મોટા પાયે યોજાયા છે. બીજી તરફ પાર્ટી પ્લોટ સહિત શહેર તથા શહેરની બહાર આવેલા ફાર્મ હાઉસ પણ લોકોએ એક દિવસનાં રેન્ટ ઉપર લઈ લેતાં તે પણ હાઉસફૂલ થઈ ગયા છે.

આ વર્ષે હોળી-ધુળેટીના તહેવારમાં અનેક નાના મોટા ઈવેન્ટોના આયોજનો કરવામાં આવ્યા છે. શહેરમાં વેસુ, પિપલોદ, ડુમસ જેવાં વિસ્તારોમાં આવેલા પાર્ટી પ્લોટોમાં સેન્ટ્રલ એ.સી.નાં ટેમ્પરરી ડોમ ઉભા કરી દેવામાં આવ્યા છે. તો કેટલાક આયોજનોમાં બોલીવુડના ફેમસ સિગર્સ, કલાકારો, સુરત તથા મુબઈથી ખાસ બોલાવવામાં આવેલા પ્રોફેશનલ ડી.જે. સંગીતના તાલે લોકોને ડોલાવશે. જ્યારે કેટલીક જગ્યાએ મડફેસ્ટ, રેઇન હોલી, ટોમેટીનાં ફેસ્ટિવલ હોલી, ફલાવર્સ હોલી જેવી થિમ આધારીત કોર્મશિયલ ધુળેટી રમાડવામાં આવશે. કેટલીક જગ્યાએ માત્ર ઓર્ગેનિક કલરોની હોળી અને કેસુડાના પાણીની હોળી પણ રમાડવાનાં આયોજનો કરવામાં આવ્યા છે. બીજી તરફ રાજસ્થાની સમાજ દ્વારા ધુળેટીના દિવસે ફૂલોની હોળી રમાડાશે.